# આકુલા અને પ્રિસ્કીલા - દ્વિવ્યવસાયી - તંબુ વણનાર

***સ્વૈચ્છિક કાર્યકરો પોતાની આજીવિકા રળીને ખ્રિસ્તના દેહની સેવા કરે છે.***
***બાળકોને શીખવનારે અભ્યાસ V3b વાંચવો***

૧. નવા કાર્યકરોની ભરતી માટે તમારા હૃદયોને તથા મનોને પ્રાર્થના તથા દેવના વચન દ્વારા તૈયાર કરો.

**પ્રાર્થના :** પ્રભુ ઈસુ, અમે તમને પ્રેમ કરીએ છીએ અને અમે તમારી સેવા કરવા ચાહીએ છીએ અમારા હાથોના કામોને આશિષ આપો કે અમે અમારી દૈનિક જરૂરિયાતો કમાઈ શકીએ, તમારા દેહની સેવા કરી શકીએ અને તમારા રાજ્યને વણખેડાયેલા પ્રદેશોમાં વિસ્તારી શકીએ.''

ઘણી જગાઓમાં આકુલા અને પ્રિસ્કીલા ની જેમ ઘણા પાળકો અને પ્રેતિો ખ્રિસ્તાના દેહની સેવા કરતાં પોતાની જરૂરિયાતો માટે અન્ય નોકરી ધંધો પણ કરતા હાયે છે. આવા સ્થાનો .....

અ) જ્યાં વિશ્વાસીઓ નવી મંડળીઓ તથા સંગતોની શરૂઆત કરે છે.

બ) જ્યાં તમે કે તમે મોકલો તે પ્રેરિતોએ પાઉલની જેમ આળસુ વિશ્વાસીઓ માટે નમૂનો બનવાની જરૂર હોય. ૨ થેસ્સાલ ૩ :૬-૧૩.

ક) જ્યાં ઈસુના અનુયાયીઓ પ્રત્યે નાગરિક સત્તાવાળા કઠોર હોય.

ડ) જ્યાં વિશ્વાસીઓ તેમના પાળકોનું ભરણપોષણ કરવા કે નવા આગેવાનોને તાલિમ આપવા માટે પહોંચી ન વળે તેટલા ગરીબ હોય.

તમારા લોકો ઝડપથી નવી સંગતો શરૂ કરતા હોય ત્યારે તમારે નવા આગેવાનોની ભરતી કરીને તેમણે શું કરવું જોઈએ અને દઢતાથી કેવી રીતે સેવા કરવી જોઈએ તે સમજાવવામાં સહાય કરવી જોઈએ. જ્યારે તમે કે તમારા લોકો દૂર દૂરના સ્થળોમાં નવી સંગતો ઊભી કરતા હો ત્યારે તમારે કે તમારા મોકલેલા સેવકોએ નવો વ્યવસાય શરૂ કરીને કમાણી કરવી જોઈએ.



Aquila and Pricilla had a small business and employed Paul.
(આકુલા અન પ્રિસ્કાલાના નાનકડા વ્યવસાયમા પાઉલન રાજગારા મળ છે )

**પ્રે.કૃ. ૧૮ :૧-૩માં જૂઓ.**

- આકુલા અને પ્રિસ્કીલાનો નાનો વ્યવસાય શો હતો ? (૧૮:૩)
- તેઓ કયું નગર છોડીને આ વ્યવસાય સાથે લાવ્યા હતાં ? (૧૮:૨)
- ક્યા સુવાર્તિકને જ્યારે કામની જરૂર હતી, ત્યારે તેમણે રોજગારી આપી ? ૧૮ :૩)

**પ્રે.કૃ. ૧૮ :૨૪-૨૬માં જૂઓ.**

- આકુલા તથા પ્રિસ્કીલાએ કોને તેમના ઘરમાં વધુ તાલિમ આપી ?
- તેઓ આપોલસને ક્યાં મળ્યાં ? (યહૂદી ધર્મસ્થાન)

**રૂમી ૧૬ :૩-૫માં જુઓ.**

- સ્વનિર્ભર આકુલા અને પ્રિસ્કીલાને પાઉલ કેવી રીતે વર્ણવે છે ? (૧૬:૩)
- જે સ્થાનમાં તેઓ સાથે મળીને કામ કરતા આ તે સુરશિત હતું કે જોખમી હતું ? (૧૬:૪)
- તેઓ જે મંડળીમાં જતા હતા તે ક્યાં એકઠી મળતી હતી ? (૧૬:૫)

**૨. આગામી સપ્તાહની પ્રવૃત્તિઓ તથા નવી સંગતોની શરૂઆત માટે તમારા સહકર્મીઓ સાથે આયોજન કરો.**

આકુલા તથા પ્રિસ્કીલા વિષે તમે જે શીખ્યા તેની તમારા સહકાર્યકરો સાથે સમીક્ષા કરો. તમારા સહકર્મીઓને જણાવો કે તે તમારી બે પ્રકારની સેવા છે. આજીવિકા માટે એક અને બીજા પ્રભુની સેવા માટે. તેમની સાથે ચર્ચા કરો કે નવી સંગત શરૂ કરવા માટે તેમણે કેવા વ્યવસાયનો આરંભ કરવાની જરૂર છે.ક્ષ

કેવા પ્રકારનો વ્યવસાય તેણે વિકસાવવાનો છે તેનું વર્ણન કરો.

- એ વ્યવસાય સ્થળાંતર કરી શકાય તેવો હોવો જોઈએ.
- તે એટલો નાનો હોવો જોઈએ કે તેની વ્યવસ્થા તેઓ કરી શકે.
- નવી સંગત શરૂ કરનાર સહકર્મીએ રોજગારી આપી શકે તેવો હોવો જોઈએ.
- તે શરૂ કરવાનું સરળ હોય અને તેમાં સરળ આવક તથા સસ્તી સામગ્રીની જરૂર પડતી હોય
- સ્થાનિક સમાજના લોકોના સંપર્ક ઊભા કરી શકે તેમ હોય.
- દ્વિ-વ્યવસાયી કાર્યકરોને તે કામના સમયની પસંદગી આપી શકે.
- તેનાથી તેમના પોતાના ઘરમાં જ પ્રભુની સેવા કરી શકાય.

આ વ્યવસાય માટે પ્રભુની ઈચ્છા જાણવા પ્રાર્થના કરો.

તેમણે કેવા પ્રકારની પાળકીય સેવા કરવાની છે તેની ચર્ચા કરો. કેમ કે તેમની પાસે ઘણા સ્ત્રોતો કે ફાજલ સમય હશે નહિ તેમણે

- અન્ય ઘરોના દ્વારા ખુલ્લા ન થયા ત્યાં સુધી પોતાના ઘરમાં નવા ટોળાની સેવા કરવી પડશે.
- નાની સંગતમાં શિષ્યો બનાવવા પડશે. જાહેર સ્થાનો કે મંદિરોમાં નહિ.
- તેમણે નવા આગેવાનોને ખાનગીમાં કે નાના જૂથોમાં તાલિમ આપવી પડશે.
- નવી સંગતના આગેવાનો ઝડપથી પસંદ કરવા પડશે.
- તમે જે વાંચી રહ્યા છો તેવી તાલિમ સામગ્રી મેળવવી પડશે. તે સસ્તી, સરળતાથી ઉપલબ્ધ હોય તેવી અને વૈકલ્પિક પસંદગી વાળી હોવી જોઈએ.

**૩. આવનાર ભજનસેવા માટે સહકર્મીઓ સાથે યોજના કરો.**

વર્તમાન જરૂરિયાતો તથા સ્થાનિક રિવાજો પ્રમાણેની પ્રવૃત્તિ પસંદ કરો.

ભાગ -૧માં આવેલ બાઈબલ ભાગો વાંચો અને આકુલા તથા પ્રિસ્કીલાની વાર્તા કહો

આકુલા - પ્રિસ્કીલાના સેવાનું નાટક ભજવો.

વાત કરવા વિશ્વાસીઓને પ્રોત્સાહન આપો.

આવા દ્વિવ્યવસાયી કાર્યકરો તેમના કાર્યને પ્રભુ કેવી રીતે આશીર્વાદ આપે છે તેની સાક્ષી આપે.

પોતાની જરૂરિયાતો માટે કમાણી કરીને ખ્રિસ્તના દેહની સેવા કેવી રીતે કરી શકાય તેના માર્ગો વિષે વિશ્વાસીઓને પ્રોત્સાહન આપો.

બાળકો તેમે તૈયાર કરેલ ગીત, નાટક અને પ્રશ્નોની રજુઆત કરો.

પ્રભુની મેજને માટે માત્થી ૨૨ :૧-૧૪માં વાંચો. એક માણસે યોગ્ય પોશાક વિના લગ્નજમણમાં ભાગ લીધો. વેદીની સેવા કરવા માટે હારુને કેવા વિશેષ યાજકીય વસ્ત્રો પહેરવા પડતા હતા તેની સરખામણી કરો. તે જ પ્રમાણે જ્યારે આપણે પ્રભુની મેજ પાસે આવીએ છીએ ત્યારે આપણા આત્મિક વચન તરીકે ખ્રિસ્તને પહેરી લેવો જોઈએ.

પ્રે.કૃ. ૨૦ :૩૩-૩૫ મુખપાઠ કરો.

એકબીજાને પ્રોત્સાહન આપવા, પ્રાર્થના કરવા, આયોજન કરવા એ વણખેડાયેલા નગરોના લોકોને માટે પ્રાર્થના કરવા વિશ્વાસીઓને નાના નાના જૂથોમાં વહેંચો.